# પ્રામાણિક વેપારી

– સુરેખા અમૃત ચૌધરી

કલકત્તામાં કરિયાણાનો જથ્થાબંધ વેપાર કરનારો એક વેપારી રહેતો હતો, તેનું નામ પ્રેમચંદ હતું. પ્રેમચંદના પિતા પહેલાં ગરીબ હતા. બચપણમાં જ પ્રેમચંદના પિતા સ્વર્ગવાસી થયા હતા. ઘણું કષ્ટ વેઠી ખૂબ મહેનતને અંતે પ્રેમચંદે પૈસા કમાઈ વેપાર જમાવ્યો હતો. તે પોતાના ધંધામાં પ્રામાણિક અને લોકો પ્રત્યે અત્યંત માયાળુ હતો.

કાળાં મરીનો ભાવ એ વખતે ખૂબ ઘટી ગયો. પ્રેમચંદ પાસે ઘણા મોટા જથ્થામાં કાળાં મરી ભરેલાં હતાં, પણ ઘટેલા ભાવે તેમણે તે વેચ્યાં નહિ. એ જ અરસામાં એક યુરોપિયન તેમની પાસે આવ્યો. તેણે પ્રેમચંદને કહ્યું : 'મારી પાસે મોટા પ્રમાણમાં કાળાં મરી છે. તેના થોડાક કોથળા તમે તમારી પાસે રાખી મને થોડાક રૂપિયા આપી શકશો ? મને હાલમાં પૈસાની ખૂબ જરૂર છે !'

પ્રેમચંદે કહ્યું : 'કોથળાઓ રાખી ઉછીનાં નાણાં આપવાનું કામ હું કરતો નથી. તમારી મરજી હોય તો તમારા મરીના કોથળા ખરીદી તેની કિંમત હું તમને આપી દઉં !'

યુરોપિયને ધાર્યું કે મરીનો ભાવ વધવાનો હશે તેથી જ આ મોટો વેપારી આજના ઘટેલા ભાવમાં મરી ખરીદવા ઈચ્છે છે. પણ તેને તો નાણાંની જરૂર હતી. તે બોલ્યો : 'તમે મારો માલ રાખી નાણાં ન આપો તો પછી તે ખરીદી જ લો. નાણાં મળ્યાં સિવાય મારું કામ ચાલી શકે તેમ નથી.'

પ્રેમચંદે તેનાં મરી ખરીદી લીધાં અને તેનાં નાણાં ચૂકવી આપ્યાં. બે–ત્રણ દિવસ પછી મરીનો ભાવ વધી ગયો. પ્રેમચંદે વધેલા ભાવમાં પોતાનાં મરી અને પેલા યુરોપિયન પાસેથી ખરીદેલાં મરી પણ વેચી દીધાં. તેને ઘણો નફો થયો.

પેલા યુરોપિયનને ફરીથી પૈસાની જરૂરિયાત ઊભી થઈ. પોતાની પાસે વધેલાં કાળા મરીના કોથળા લઈ તે ફરીથી પ્રેમચંદ પાસે આવ્યો. પ્રેમચંદ તેને જોતાં જ કહ્યું, 'સાહેબ ! હું આપની જ રાહ જોતો હતો. શું તમારે બીજાં વધુ મરી વેચવાં છે ?'

યુરોપિયને કહ્યું : 'હા, મારે પૈસાની હજુ પણ જરૂર છે. મહેરબાની કરી તમે મારા મરીના આ બીજા કોથળા પણ ખરીદી લો.'

પ્રેમચંદે મરીના કોથળા જોખાવી લીધા અને હિસાબ ગણી નાણાં ચૂકવી આપ્યાં. યુરોપિયનને ખબર ન હતી કે મરીનો ભાવ વધી ગયો છે. તેણે રૂપિયા લઈ ગણી જોયા અને નવાઈ પામતાં બોલ્યો : 'તમે તમારો હિસાબ તપાસી જુઓ. તમે મને ઘણા વધુ રૂપિયા આપ્યા છે.'

પ્રેમચંદે કહ્યું : 'હિસાબમાં ભૂલ નથી. તમને ખબર નહિ હોય કે મરીનો ભાવ વધી ગયો છે, પણ તમારા અજાણપણાનો લાભ લેવો એ બેઈમાની કહેવાય. મારાથી કોઈની સાથે દગો ન થાય.'



યુરોપિયને મરીનો તે વખતનો ભાવ પૂછ્યો અને કાગળ–પેન્સિલ લઈ હિસાબ ગણ્યો અને રૂપિયા પણ ગણી જોયા. તેણે કહ્યું : 'હિસાબ ગણવામાં જરૂર તમારી ભૂલ થાય છે. તમે મને આપેલી રકમ હિસાબ કરતાં વધુ છે.'

પ્રેમચંદે ફરીથી કહ્યું : ‘રૂપિયા વધારે નથી તેમ હિસાબમાં ભૂલ પણ નથી. પહેલી વખતે જ્યારે તમે મને મરી આપી ગયા હતા ત્યારે ભાવ ઓછો હતો, પણ પછીથી ભાવ વધી ગયો અને વધેલા ભાવમાં મેં તે મરી વેચી દીધાં. તે દિવસે તમે મરી વેચવા આવ્યા ન હતા. તમને પૈસાની જરૂર હોવાથી લાચારીથી અને ન છૂટકે તમારે મરી વેચવાં પડયાં. તમારી તે હાલતનો જો હું લાભ ઉઠાવું તો તે પણ અપ્રામાણિકતા અને નિર્દયપણું કહેવાય. તે મરી વેચતાં જેટલાં વધુ નાણાં આવ્યાં તે પણ તમારાં જ છે. તે જ હું તમને આપી રહ્યો છું. આ નાણાં તમને પાછાં વાળવા માટે કેટલાય દિવસથી હું તમને શોધતો હતો.’

પ્રેમચંદની પ્રામાણિકતા જોઈ યુરોપિયન ભારે આશ્ચર્યમાં પડી ગયો અને તેનાથી સહેજે બોલાઈ ગયું, ‘હિંદી વેપારી શું આવો ઈમાનદાર હોય છે !’

■